# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

2) બ્રિટનના પ્રધાનમંત્રી સ્ટારમર અને પ્રધાનમંત્રી મોદી આજે ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરશે.

3) હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લામાં એક બસ અકસ્માતમાં 15 લોકોના મોત - બે લોકો ઘાયલ.

4) નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTAએ UGC NET ડિસેમ્બર 2025 પરીક્ષા માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરી

5) વર્ષ 2026માં ભારતનો આર્થિક વિકાસ દર 6.5 ટકા રહેવાનો વિશ્વ બેંકનું અનુમાન

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MUMBAI-PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી 19 હજાર 650 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ભારતના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટ-નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. તે વિશ્વના સૌથી કાર્યક્ષમ એરપોર્ટમાંનું એક હશે, જે વાર્ષિક નવ કરોડ મુસાફરો અને 32 લાખ 50 હજાર મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન કરશે.

પ્રધાનમંત્રી મોદી આશરે 12 હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ મુંબઈ મેટ્રો લાઇન ત્રણના ફેઝ 2Bનું ઉદ્ઘાટન કરશે. તેઓ 37 હજાર 270 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી સમગ્ર મુંબઈ મેટ્રો લાઇન ત્રણ રાષ્ટ્રને સમર્પિત કરશે. શ્રી મોદી ભારતની પ્રથમ સંકલિત જાહેર પરિવહન એપ્લિકેશન, "મુંબઈ વન" પણ લોન્ચ કરશે, જે 11 પરિવહન ઓપરેટરોને જોડશે અને ડિજિટલ ટિકિટિંગ અને રીઅલ-ટાઇમ મુસાફરી અપડેટ્સ પ્રદાન કરશે. તેઓ જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2025ને પણ સંબોધિત કરશે.

# UK-PM-VISIT

બ્રિટિનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર આજથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. શ્રીયુત સ્ટારમરની આ ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. પ્રધાનમંત્રી મોદી અને શ્રી સ્ટારમર આજે બેઠક યોજી બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરશે.

સાંભળીએ એક અહેવાલ..

(VOICE CAST: SHASHANK)

આ મુલાકાત નવી ભાગીદારી માટે ભારત અને યુકેના સહિયારા દ્રષ્ટિકોણને ફરીથી સ્થાપિત કરવાની તક પૂરી પાડશે.

# PM-IMC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે નવી દિલ્હીના યશોભૂમિ ખાતે 9મા ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસનું ઉદ્ઘાટન કરશે. ટેલિકોમ્યુનિકેશન વિભાગ અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસની થીમ "ઇનોવેટ ટુ ટ્રાન્સફોર્મ" છે.

આ કાર્યક્રમ ડિજિટલ પરિવર્તન અને સામાજિક પ્રગતિ માટે નવીનતાને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

સાંભળીએ એક અહેવાલ....

(VOICE CAST: ANUPA—MISHRA)

# HP-ACCIDENT

હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લામાં એક બસ અકસ્માતમાં 15 લોકોના મોત થયા છે, જ્યારે બે લોકો ઘાયલ થયા છે. એક બાળક હજુ પણ ગુમ હોવાની આશંકા છે. વરસાદ છતાં બચાવ અને રાહત કામગીરી ચાલુ છે.

મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ અકસ્માત પર દુ:ખ વ્યક્ત કર્યું અને વહીવટીતંત્રને રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા અકસ્માતમાં થયેલા જાનમાલના નુકસાન પર દુ:ખ વ્યક્ત કર્યું છે . તેમણે અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. પ્રધાનમંત્રીએ મૃતકોના નજીકના સંબંધીઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) માંથી 2 લાખ રૂપિયા અને ઘાયલો માટે 50,000 રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી.

# UGC NET REGISTRATION

નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTAએ UGC-NET ડિસેમ્બર 2025 પરીક્ષા માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરી છે.

રસ ધરાવતા ઉમેદવારો સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ લિંક દ્વારા અરજી કરી શકે છે. UGCના જણાવ્યા અનુસાર, નોંધણી પ્રક્રિયા સાત નવેમ્બર સુધી ખુલ્લી રહેશે. કરેક્શન વિન્ડો 10 નવેમ્બરે ખુલશે અને 12 નવેમ્બરે બંધ થશે.

**આ પરીક્ષા પાત્ર ઉમેદવારોને જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવા તથા સહાયક પ્રોફેસર તરીકે નિયુક્ત કરવા અને 85 વિષયોમાં પીએચડી કાર્યક્રમોમાં પ્રવેશ આપવા માટે લેવામાં આવશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GST

**GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. સિક્કિમના અર્થતંત્રને વેગ આપનારા GST સુધારાઓ પર અમારા સંવાદદાતાનો અહેવાલ.......**

**(VOICE CAST: SHIVANG GST)**

# INDIA-GDP-WORLD-BANK

વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2026માં ભારતનો આર્થિક વિકાસ દર 6.5 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. અગાઉ, જૂનમાં, વિશ્વ બેંકે આ વિકાસ દર 6.3 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો હતો. આ વધારો મજબૂત સ્થાનિક માંગ, મજબૂત ગ્રામીણ વિકાસ GST સુધારાઓની સકારાત્મક અસરને કારણે થયો છે.

દક્ષિણ એશિયામાં વૃદ્ધિ અંગે, વિશ્વ બેંકે જણાવ્યું કે, ભારત મજબૂત વપરાશ વૃદ્ધિ દ્વારા સંચાલિત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા રહેશે.

વિશ્વ બેંકે આ વર્ષે દક્ષિણ એશિયાનો વિકાસ દર 6.6 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે, જોકે 2026માં તે ધીમો પડીને 5.8 ટકા થવાનો અંદાજ છે.

# IMD - WEATHER

પૂર્વોત્તર રાજ્યો, મધ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, કોંકણ, ગોવા, લક્ષદ્વીપ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસમાં બિહાર, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

# UP COUGH SYRUPS INSTRUCTIONS

ઉત્તર પ્રદેશમાં ડ્રગ ઇન્સ્પેક્ટરો હવે દવાઓ અને સિરપના ઉત્પાદનમાં વપરાતા રસાયણોનું નિરીક્ષણ કરશે. રાજ્ય સરકારે આ સંદર્ભમાં આદેશો જારી કર્યા છે અને નિર્દેશ આપ્યો છે કે જો ભેળસેળયુક્ત અથવા નકલી દવાઓ મળી આવે, તો ડ્રગ ઇન્સ્પેક્ટરો તાત્કાલિક સંબંધિત પેઢી સામે FIR દાખલ કરી શકશે.

રાજ્યના ખાદ્ય સુરક્ષા અને ઔષધ વહીવટ કમિશનર ડૉ. રોશન જેકબે આ સંદર્ભમાં તમામ ડ્રગ ઇન્સ્પેક્ટરોને સૂચનાઓ જારી કરી છે

આરોગ્ય વિભાગે સલાહ આપી છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે કફ સિરપનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવતી નથી.

# ISSF

ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ આજથી ગ્રીસના એથેન્સ આજથી શરૂ થશે. આ સ્પર્ધામાં ભારતની 12 સભ્યોની ટીમ ભાગ લઈ રહી છે.ભારત પાંચેય ઓલિમ્પિક ઇવેન્ટ્સમાં ભાગ લેશે, જેમાં પુરુષો અને મહિલાઓની સ્કીટ, પુરુષો અને મહિલાઓની ટ્રેપ અને મિશ્ર ટ્રેપનો સમાવેશ થાય છે.

68 દેશોના 400 થી વધુ રમતવીરો આ સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતાઓ આ વર્ષના અંતમાં દોહામાં યોજાનાર ISSF વર્લ્ડ કપ ફાઇનલ માટે ક્વોલિફાય થશે.

# GAZA-CEASEFIRE-TALKS

ઇજિપ્તના શર્મ અલ-શેખમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે પરોક્ષ વાટાઘાટો બીજા દિવસે પણ ચાલુ રહી હતી. આ વાટાઘાટોનો હેતુ અમેરિકી પ્રમુખ ટ્રમ્પના ગાઝા શાંતિ પ્રસ્તાવના આધારે યુદ્ધવિરામ કરારને અંતિમ સ્વરૂપ આપવાનો છે.

અમેરિકી પ્રતિનિધિમંડળ બુધવારે ઇજિપ્ત પહોંચે તેવી અપેક્ષા છે. ઇઝરાયલના વ્યૂહાત્મક બાબતોના મંત્રી રોન ડર્મર અને કતારના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહમાન અલ-થાની પણ વાટાઘાટોમાં હાજરી આપશે.

ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ વાટાઘાટો પર તાત્કાલિક ટિપ્પણી કરી ન હતી. જોકે, X પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું કે જ્યાં સુધી બધા ઉદ્દેશ્યો પૂર્ણ ન થાય ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે.

દરમિયાન, હમાસે જણાવ્યું કે, તે કરાર માટે સંમત થવા માટે તૈયાર છે પરંતુ તે અમેરિકા અને મધ્યસ્થી કરનારા દેશો પાસેથી યુદ્ધ કાયમ માટે સમાપ્ત થઈ જશે તેવી ખાતરી માંગે છે.

વ્હાઇટ હાઉસમાં બોલતા, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવા અંગે ટૂંક સમયમાં કરાર થઈ શકે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- હિમાચલ પ્રદેશમાં ભૂ-સ્ખલન અને હિમવર્ષાના સમાચાર આજના અખબારોમાં વાંચવા મળી રહ્યા છે. ગુજરાત સમચારે લખ્યું છે કે, હિમાચલમાં ભારે હિમવર્ષા-ભૂ-સ્ખલન: 18 ના મૃત્યુ, દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, ચાલતી બસ પર પર્વતનો કાટમાળ પડ્યો, 17 મુસાફરોના મોત, તો નવ ગુજરાત સમયમાં હિમાચલમાં ભયાનક ભૂ-સ્ખલનમાં બસ દટાઈ, 18ના મોતના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- સંદેશે પહેલા પાને લખ્યું છે કે, સુપ્રીમે SIR હેઠળ હટાવાયેલા 3.66 લાખ મતદારોની વિગતો માંગી. તો ફૂલછાબે લખ્યું છે કે, બે વર્ષથી નાના બાળકો માટે કફ સિરપ પ્રતિબંધિત.
- અન્ય સમાચારોમાં હવે PIN વગર થશે UPI પેમેન્ટ, ભારત પર અમેરિકન ટેરિફ થી સાઉથ એશિયાનો આર્થિક વૃધ્ધિદર ઘટશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.